# ગુજરાતી

## STD – XII GUJARATI SAMPLE PAPER

સમય સીમા:3 કલાક કુલ અંક :100

**Time allowed :3 hour Maximum Marks:100**

### SECTION –A (Advanced Reading Skill)

(1)(અ)નીચે આપેલો ગદ્યખંડ વાંચી,તેની નીચે આપેલા પ્રશ્નોના ઉત્તર બે-ત્રણ વાક્યમાં લખો.10

મનુષ્ય એક સામાજિક પ્રાણી છે. એ કદી એકલો રહી શકતો નથી. એને કોઈને કોઈના સહવાસની અવશ્ય જરૂરત પડે છે. કુટુંબ, મિત્રો અને સગાસંબંધીઓની આસપાસ તે વીંટળાયેલો રહે છે. મિત્રો માનવજીવનમાં અગત્યની ભૂમિકા નિભાવે છે. પણ પુસ્તકોની મૈત્રીને મિત્રતાની શ્રેષ્ઠ શ્રેણીમાં મૂકી શકાય. 'સંગ એવો રંગ' એ કહેવત માણસોની જેમ પુસ્તકોની બાબતમાં પણ સાચી છે. મિત્રોની જેમ પુસ્તકો પણ માનવજીવનમાં નિર્ણાયક ભૂમિકા ભજવે છે. સારા મિત્રોની જેમ સારું પુસ્તક માનવીને સુખદુઃખમાં સાથ, સહારો અને સાંત્વના આપે છે. કેટલાક લોકોના જીવનમાં પુસ્તકોને લીધે મહાન પરિવર્તન આવ્યું છે. જ્હોન રસ્કિનના "Unto this last" નામના સુપ્રસિદ્ધ પુસ્તકમાંથી ગાંધીજીને સત્યાગ્રહ કરવાની પ્રેરણા મળી હતી. ગીતા અને બાઇબલ જેવા ધર્મ પુસ્તકોએ અસંખ્ય લોકોને માર્ગદર્શન આપ્યું છે. ઉત્તમ પુસ્તકોની મૈત્રી કરનાર માણસ પ્રતિકૂળ સંજોગોમાં પણ મૂંઝવણ કે દુઃખ અનુભવતા નથી. શ્રેષ્ઠ પુસ્તકો માણસનાં અજ્ઞાન, અંધશ્રદ્ધા અને વહેમોને દૂર કરીને જીવનને જોવાની દૃષ્ટિ સમૃદ્ધ અને વિશાળ બનાવે છે. સારા પુસ્તકો કદી છેહ દેતા નથી. પુસ્તકોની મૈત્રી રાખનારને કદી એકલતા સાલતી નથી. પુસ્તકોના પાને પાને અક્ષરદેહે અમર થઈ ગયેલા મહાપુરુષો બિરાજે છે. જગતના મહાન દાર્શનિકો, કવિઓ, લેખકો, મહાપુરુષો વગેરે ઉત્તમ પુસ્તકો દ્વારા વાચકને પ્રસંગોચિત માર્ગદર્શન આપે છે.રામાયણ અને ભાગવત જેવાં ઉચ્ચકોટિના પુસ્તકો વિશાળ જનસમુદાયને સદીઓથી દોરવણી આપી રહ્યા છે. સમૃદ્ધ જીવન કેળવવા અને જીવનને સુખમય બનાવવા ઉત્તમ પુસ્તકોની મૈત્રી કરવી એ જ શ્રેયસ્કર છે.

પ્રશ્નો

(1) માણસ કોની આસપાસ વીંટળાયેલો રહે છે?

(2) પુસ્તકો માનવજીવનમાં કેવી ભૂમિકા ભજવે છે?

(3) રસ્કીનના પુસ્તકે ગાંધીજીને શાની પ્રેરણા આપી?

(4) શ્રેષ્ઠ પુસ્તકોના વાચનથી કેવો દૃષ્ટિકોણ કેળવાય છે?

(5) જગતના મહામાનવો ઉત્તમ પુસ્તકો દ્વારા શું આપે છે?

## SECTION –B (Effective Writing Skill)

(2) (અ) નીચે આપેલા વિષયોમાંથી કોઈ પણ એક વિષય પર 250 શબ્દોમાં નિબંધ લખો. **8**

(1) એક ઐતિહાસિક સ્થળની મુલાકાતે

(2) ચૂંટણીનાં મતદાન મથકે

(3) વૃક્ષો વાવો જીવન બચાવો

(બ) તમારી શાળામાં યોજાયેલ રક્તદાન શિબિરનો અહેવાલ આશરે 100 શબ્દોમાં લખો. 6

(ક) તમારા વિસ્તારમાં વિલંબમાં પડેલા રસ્તાના સમારકામને કારણે વિકટ બનેલી વાહન વ્યવહારની સમસ્યા અંગે યોગ્ય અધિકારીને પત્ર લખો. 6

અથવા

જીવનમાં શિસ્તપાલનની અગત્યતા વિશે તમારા નાનાભાઈને પત્ર લખો.

## SECTION –C (Applied grammar)

(3) (અ) સૂચના પ્રમાણે પરિવર્તન કરો. 3

(1) એક દિવસમાં આખું ખેતર ખેડી નાખ્યું. (ઉદ્ગારવાક્ય)

(2) વીજળી થાય છે એટલે વરસાદ પડશે. (પ્રશ્નવાક્ય)

**(3)** કૂવામાં સરવાણી નથી તો પાણી ક્યાંથી આવે? (નિષેધવાક્ય)

(બ) નીચેના શબ્દોનો સંધિ વિગ્રહ કરો. 3

(1) પૃથ્વી (2) દૃષ્ટાંત (3) નિશ્ચેષ્ટ

(ક) (1) નીચેના વાકયોને લેખનરૂઢિ અને ભાષાશુદ્ધિની દૃષ્ટિએ સુધારો. 3

(1) એ નોટો નીચે મૂક્યા પછી તિજોરીમાં ગયા.

(2) વર્ષાબેન સ્વભાવે ખૂબ જ સારા અને પ્રમાણિક હતા.

(3) ઈટાલીનું વેનિસ અને કદાચ જગતનું લાવણ્યભર્યું શહેર તે અનુપમ.

(2) નીચે આપેલા રૂઢિપ્રયોગોનો અર્થ આપી વાક્યપ્રયોગ કરો. 3

(1) પી જવું

(2) તુંબડીમાં કાંકરા હોવા

(3) પેંગડામાં પગ ઘાલવો

(ડ)(1) નીચેની કહેવતોનો એક વાક્યમાં અર્થ લખો. 3

(1) કુમળો છોડ વાળીએ તેમ વળે

(2) મોરનાં ઈંડા ચીતરવા ન પડે

(3) એક સાંધીએ ત્યાં તેર તૂટે

(2) નીચેના વાકયોના સૂચના પ્રમાણે કાળ બદલો. 3

(1) આ શિયાળામાં બહુ ઠંડી પડશે. (પૂર્ણ વર્તમાનકાળ)

(2) અમન યુરોપ ગયો હતો. (સામાન્ય ભવિષ્ય કાળ)

(3) બાળકો ચિત્રમાં રંગ પૂરી રહ્યા હતા. (પૂર્ણ ભૂતકાળ)

(ઇ) નીચેના વાક્યમાં અનુગને સ્થાને નામયોગી વાપરીને વાક્ય ફરીથી લખો. 2

(1) સાંજ પડતાં પક્ષીઓ માળામાં પાછા ફર્યા.

નીચેના વાક્યમાં નામયોગીને સ્થાને અનુગ વાપરીને વાક્ય ફરીથી લખો.

(2) માની મમતાને કારણે જ બાળકનું જીવન ઘડાય છે.

## SECTION –D (Literature)

(4) (અ) નીચે આપેલો ગદ્યખંડ વાંચી,તેની નીચે આપેલા પ્રશ્નોના ઉત્તર લખો. 5

જો નિશાળ ન હોત તો બધાના બાળપણનો કાળ સુખમાં ગયો હોત.રજાઓ ફરજિયાત અને શિક્ષણ મરજિયાત હોવું જોઈએ. એનો અર્થ એવો જરાય નહીં કે મને ભણવાની હોંશ નહોતી.પણ કેરી પીળી કઈ રીતે થાય? નાળિયેરમાં મીઠું પાણી કોણ રેડે? ગર ભરેલી આંબલી ઝાડ પર કઈ રીતે તૈયાર થાય?આખો દિવસ આપણે ગીતો ગાતા રહીએ તો શું થાય? આવું આવું શિક્ષણ આપવાનું છોડીને બીજા જ વિષયો ભણાવવામાં આવે છે ! રોજ પ્રાર્થના કરવા છતાંય ભગવાન ગણિતમાં માર્ક આપવામાં આપણાં પર આટલો ક્રૂર કેમ થાય? આ સવાલનો જવાબ મને નિશાળમાં ક્યારેય મળ્યો નથી. એટલું વળી ઠીક હતું કે મારા નાનપણમાં જૂનું ગણિત હતું. પણ જૂનું ગણિત ભણેલા ભગવાને મૌખિક હિસાબના જવાબ મારા કાનમાં,ધીમેકથી આવીને કહી જવામાં શો વાંધો હતો? મારા વર્ગમાંના વિનાયક દેસાઈ, દીનું અને મોહન વાગળેને તો ચોક્કસ જવાબ કહી જતો હશે. હકીકતે તો અમે ત્રણેય જણ જોગેશ્વરીના રામેશ્વરના મંદિરમાં ઘંટ વગાડીને, ભગવાનનું બરાબર ધ્યાન ખેંચીને, સાષ્ટાંગ દંડવત્ પ્રણામ કરીને, 'ભગવાન મને ગણિતમાં પાસ કર, પૂરવણી પર શાહી ઢોળાવા દઇશ નહીં' એવી એવી માગણીઓ કરતાં.

–પુરુષોત્તમ દેશપાંડે

પ્રશ્નો --

(1) બાલ્યકાળના સુખની શી કલ્પના લેખક કરે છે ?

(2) લેખકના મતે કેવું શિક્ષણ આપવું જોઈએ?

(3) લેખક ભગવાનને શી પ્રાર્થના કરતાં?

(4) ગણિતના જવાબ અંગે લેખકની બાળસહજ કલ્પના કેવી હતી?

(5) રામેશ્વર મંદિરમાં લેખક અને તેના મિત્રો શું કરતાં?

(બ) નીચેનામાંથી કોઈ પણ ચાર વિધાનો માટે પૂર્વાપર સંબંધ આપો. 8

(1) ''મહાપુરુષો કોઈના પોશાક સામે નથી જોતાં.તેઓ તો તેમના હ્રદયને તપાસે છે.'

(2) 'ભઈ, હવે મારે તો છોરાં ઈ ઢોરાં ને ઢોરાં ઈ છોરાં'

(3) ચિરાયુનું રેશમી વસ્ત્ર સાંધી શકાયું નહીં.

(4) 'શાબાશ દીકરા મને હવે ખાતરી થઈ ગઈ કે તું મારું નામ નહીં બોળે !'

(5) 'મારા અવગુણ સામે જોશો નહીં,હું જેવો છું એવો તમે મને નિભાવી લેજો'

(ક) નીચેનામાંથી કોઈપણ બે પ્રશ્નોનાં સાત-આઠ વાકયોમાં ઉત્તર લખો. 8

(1) 'કુસુમનું કઠણ તપ' શીર્ષકની યથાર્થતા ચર્ચો.

(2) બિસ્મિલ્લાખાંને મન પોતાના યાદગાર પ્રસંગો કયા કયા છે?

(3) સ્વતંત્ર વિચારક તરીકે સોક્રેટીસનું ચરિત્ર આલેખો.

(ડ) નીચેનામાંથી કોઈપણ બે પ્રશ્નોનાં બે-ત્રણ વાક્યમાં ઉત્તર લખો. 4

(1) કોટને થીગડું દેવામાં પ્રભાશંકરને શી મુશ્કેલીઓ પડી?

(2) વેનિસમાં ક્યાં ક્યાં રમણીય સ્થાનો છે?

(3) જણસો ઊતરીને દાબડામાં મૂકી દેવા પાછળનો મુનીમનો શો આશય હતો?

(5)(અ) નીચેનું કાવ્ય વાંચી, તેની નીચે આપેલા પ્રશ્નોનાં ઉત્તરો લખો. 4

મારી બંસીમાં બોલ બે વગાડી તું જા,
મારી વીણાની વાણી જગાડી તું જા.
ઝંઝાના ઝાંઝરને પહેરી પધાર પિયા.
કામના કમાડ મારા ઢંઢોળી જા.
પોઢેલી પાંપણના પડદા ઉપાડી જરા
સોનેરી સોણલું બતાડી તું જા, મારી.
સૂની સરિતાને તીર પહેરી પીતાંબરી,
દિલનો દડૂલો રમાડી તું જા,
ભૂખી શબરીનાં બોર બેએક આરોગી,
જનમભૂખીને જમાડી તું જા, મારી.
ઘાટે બંધાણી મારી હોડી વછોડી તું જા,
સાગરની સેરે ઉતારી તું જા,
મનના માલિક તારી મોજને હલેસે,
ફાવે ત્યાં એને હંકારી તું જા,મારી.

પ્રશ્નો

(1) કવિ કોની વાણી જગાડવાનું કહે છે?

(2) કવિ ઈશ્વરને કેવી રીતે પધારવાનું કહે છે?

(3) 'સૂની સરિતા' એટલે શું?

(4) મનના મલિકને કવિ શું કહે છે?

(બ) નીચેનામાંથી કોઈપણ બે પ્રશ્નોનાં વિસ્તૃત ઉત્તર લખો. **8**

(1) ગંગાસતી માનવ સ્વભાવના કયા કયા દુર્ગુણો જણાવી તેને દૂર કરવાના ઉપાયો સૂચવે છે?

(2) 'વતનનો તલસાટ' કાવ્યમાં વ્યક્ત થતો કવિનો કલ્પાંત તમારા શબ્દોમાં આલેખો.

(3) ગ્રામ અને નગર સંસ્કૃતિનો ભેદ કાવ્યના સંદર્ભમાં સમજાવો.

(ક) નીચેનામાંથી કોઈપણ ચાર પ્રશ્નોનાં બે-ત્રણ વાક્યમાં ઉત્તર લખો. 8

(1) 'ટોળાં વચ્ચે એકલતા'આ સમજ સ્પષ્ટ કરો.

(2) પંખીઓ વડને શો જવાબ આપે છે? ભવિષ્ય વિશે તેમની શી કલ્પના છે?

(3) અર્જુનના દૃષ્ટાંત દ્વારા કવિ શો સંદેશ આપે છે?

(4) નાયકનો સ્વાર્થ અને નાયિકાની નિઃસ્વાર્થ ભાવના શી રીતે આલેખન પામી છે?

(5) ઝાડની ડાળી પર શું રહેલું છે? તેને હલાવતા શી સ્થિતિ થાય છે?

(6) નીચેનામાંથી કોઈપણ એક લેખકનો આશરે દશ-બાર વાકયોમાં પરિચય કરાવો. 5

(1) ઝવેરચંદ મેઘાણી

(2) ગાંધીજી

(3) ઉમાશંકર જોશી

----------x-----------x-----------